# એર સ્ટ્રાઈકના પુરતા પુરાવા સેનાની પાસે : સંરક્ષણ વિભાગ

**પુરાવા જાહેર કરવા અંગે નિર્ણય સરકાર કરશે : હુમલાને લઈ પુરાવા સરકાર જાહેર નહીં કરે તેવી શક્યતા સંરક્ષણ વિભાગની પાસે સિન્થેટિક અપર્ચર રડારના ફોટો**

નવી દિલ્હી,તા. ૨

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ત્રાસવાદી અડ્ડા પર કરવામાં આવેલા હુમલાને લઈને સંરક્ષણ વિભાગની પાસે પુરતા પુરાવા છે પરંતુ તેને જાહેર કરવામાં આવે કે કેમ તે અંગે અંતિમ નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવનાર છે. સંરક્ષણ વિભાગે કહ્યુ છે કે તેમની પાસે પુરાવા રહેલા છે. સંરક્ષણ વિભાગે કહ્યુ છે કે તેમની પાસે સિન્થેટિક અપર્ચર રડાર ફોટા છે. જેના કારણે રડારના સ્થળો પર શક્તિશાળી હુમલા અંગેની સાબિતી આપી શકાય છે. આ પ્રમાણને જારી કરવા અંગે નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે બાલાકોટ અને ખેબર પખ્તુનખ્વામાં જૈશના અડ્ડા પર ભીષણ હુમલા કરવામાં આવ્યા હતા. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે હુમલા કરવામાં આવ્યા હતા. સ્વતંત્ર સેટેલાઈટ ઈમેજ નિષ્ણાંતોએ એર સ્ટ્રાઈકના ટાર્ગેટને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. નિષ્ણાંતોએ કહ્યુ છે કે મિરાજ ૨૦૦૦ મારફતે પૂર્ણ તાકાત સાથે ત્રાસવાદી અડ્ડા પર હુમલા કરવામાં આવ્યા હતા. નિષ્ણાતો કહ્યુ છે કે એર સ્ટ્રાઈકના કારણે નુકસાનના દાવા પર શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સેટેલાઈટ ફોટોમાં નુકસાનને લઈને કેટલીક વાત કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા અંતિમ નિર્ણય કરવામાં આવનાર છે. સરકારનુ કહેવુ છે કે વ્યાપક નુકસાન ત્રાસવાદીઓને થયુ છે. બાલાકોટમાં ૩૦૦થી વધારે ત્રાસવાદીઓ છુપાયેલા હતા. જો કે કેટલુ નુકસાન થયુ છે તે અંગે માહિતી પુરતા પ્રમાણમાં મળી શકી નથી. એર સ્ટ્રાઈક મામલે હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે સામાન્ય નાગરિકોને કોઈ નુકસાન ન થાય તે બાબતનુ ધ્યાન રાખવામાં આવ્યુ હતુ. ત્રાસવાદી અડ્ડાઓને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા હુમલામાં ભારે નુકસાન કરવામાં આવ્યુ હતુ. ભારતીય સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ નિષ્ણાંતોના અહેવાલોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે આતંકવાદીઓના અડ્ડા ઉપર ખુબ જ સફળતાપૂર્વક અને ટાર્ગેટ સાથે હુમલા કરાયા છે. ક્યા પ્લેટફોર્મ મારફતે એસએઆરનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે અંગે માહિતી આપવામાં આવી નથી. અલબત, ઈલેક્ટ્રો ઓપ્ટિકલ સેન્સરનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એર સ્ટ્રાઈકના દિવસે વાદળો ઘેરાયેલા હતા. જેથી ફોટાઓ સ્પષ્ટ દેખાઈ રહ્યા નથી. સુખોઈ પણ મિરાજની સાથે પ્રયોગ કરવામાં આવ્યા હતા. તેમાં એસએઆરના હાઈ રિઝોલેશન વાદળ હોવા છતાં પણ ફોટા લેવામાં સક્ષમ રહે છે. બાલાકોટમાં હુમલો કરાયો ત્યારે ૩૦૦થી પણ વધારે ત્રાસવાદીઓ છુપાયેલા હતા. હવે આ બધાનો સફાયો થયો હોવાના અહેવાલ પણ આવી ચુક્યા છે.

# પાક નહિ સુધરે : સરહદે ગોળીબાર

**પાકિસ્તાનના ગોળીબારમાં મહિલા, બે માસુમ બાળકોના મોત : સતત પાંચમાં દિવસે પાકની નાપાક હરકતો જારી**







જમ્મુ,તા. ૨

જમ્મુ-કાશ્મીરમાં અંકુશરેખા પર પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામનો ભંગ યથાવત રીતે જારી રાખવામાં આવ્યો છે. પાકિસ્તાની સેનાએ આજે સતત પાંચમાં દિવસે પણ અંકુશરેખા પર ગોળીબાર જારી રાખ્યો હતો. આજે રાજ્યના નવસેરામાં સરહદ પારથી વહેલી પરોઢે ગોળીબાર શરૂ કરવામાં આવ્યા બાદ મોડી સાંજ સુધી ગોળીબાર જારી રાખવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ આનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતની તરફથી પાકિસ્તાનમાં ખેબર પખ્તૂનખ્વા પ્રાંતના બાલાકોટમાં જૈશના ત્રાસવાદી કેમ્પો પર ભારતના હવાઈ હુમલા બાદ સરહદ પારથી ગોળીબાર પાકિસ્તાને વધારી દીધો છે. શુક્રવારે મોડી રાત્રે પૂંચ જિલ્લાના કૃષ્ણાઘાટી સેકટરમાં ભારે ગોળીબાર કરાયો હતો. જેમાં એક યુવતી અને બે બાળકોના મોત થયા હતા. બીજી બાજુ સૈનિકો સહિત અન્ય કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. ગોળીબારમાં ભારતના પક્ષે ચારના મોત થઈ ચુક્યા છે. સૈનિક પ્રવક્તાએ કહ્યું છે કે પાકિસ્તાનના નાપાક ઈરાદા જારી રાખવામાં આવ્યા છે. આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ નાના હથિયારોથી ગોળીબાર કરાયો હતો. ભારતીય જવાનોએ પણ જોરદાર કાર્યવાહી કરી હતી. આજે શનિવારના દિવસે પણ સ્કુલો બંધ રાખવામાં આવી હતી. સુરક્ષા દળોએ અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર તકેદારીને વધારી દીધી છે. જે ત્રણ લોકોના મોત થયા છે તેમાં પૂંચ જિલ્લાના સલોત્રી ગામની ૨૪ વર્ષીય મહિલા રૂબાના, તેમના પુત્ર ફજાન અને નવ મહિનાની પુત્રી શબનમનો સમાવેશ થાય છે. જ્યારે પતિ મોહંમદ યુનુસને ઈજા થઈ છે. સરહદ ઉપર સ્થિત કેટલાક લોકો અન્યત્ર ખસી ગયા છે. મોટી સંખ્યામાં લોકો હિજરત પણ કરી રહ્યા છે. પાકિસ્તાની સેનાએ છેલ્લા એક સપ્તાહના ગાળા દરમિયાન ૬૦થી પણ વધુ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. તમામ એમ્બ્યુલન્સને તૈયાર રાખવામાં આવી છે. જરૂરીયાતવાળા લોકોને મદદ પણ કરવામાં આવી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં પૂંચ, જમ્મુ, રાજૌરી, બારામુલાના અગ્રિમ ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાને હુમલા જારી રાખ્યા છે. અધિકારીઓએ કહ્યુ છે કે પાકિસ્તાની સેનાએ રાત્રી ગાળા દરમિયાન ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાની ગોળીબારમાં ત્રણ નાગરિકોના મોત થયા છે.

આજે અધિકારીઓએ આ અંગેની માહિતી આપી હતી. પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરમાં પૂંચ અને રાજૌરીમાં અંકુશરેખા ઉપર જોરદાર ગોળીબાર ગઈકાલે પણ કર્યો હતો. યુદ્ધવિરામનો ભંગ કરીને નાના અને મોટા હથિયારો સાથે ગોળીબાર કરવામાં આવ્યો હતો. વારંવાર યુદ્ધવિરામના ભંગ બાદ ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો.

પૂંચના સુંદરબાની, ખાડીકરમારા, દેગવાર સેક્ટરમાં ગોળીબાર કરવામાં આયો હતો. આ ઉપરાંત આ વિસ્તારમાં મોર્ટારનો મારો ચલાવવામાં આવ્યો હતો. ગોળીબારના કારણે સ્થાનિક લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. આજે સવારથી જ ગોળીબાર શરૂ થયા બાદ મોડી સાંજ સુધી ગોળીબાર જારી રહ્યો હતો. નૌશેરા અને કૃષ્ણાઘાટી સેક્ટરમાં પણ ગોળીબાર કરાયો હતો.

સંરક્ષણ પીઆરઓના કહેવા મુજબ પાકિસ્તાન તરફથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેથી રાજૌરી અને પૂંચ જિલ્લામાં અંકુશરેખાથી પાંચ કિલોમીટર સુધીના વિસ્તારમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરી દેવામાં આવી છે. ગોળીબાર દરમિયાન પોતાના ઘરમાં રહેવા ગામવાળાઓને ભારતીય સેનાએ સૂચના આપી છે. તોપમારા વચ્ચે બહાર ન ફરવા લોકોને કહેવામાં આવ્યું છે.

# કુલીંગ ડાઉનની પ્રક્રિયા હેઠળ અભિનંદનના ટેસ્ટ

**શ્રેણીબદ્ધ મેડિકલ ટેસ્ટનો દોર આજે પણ યથાવત જારી રહેશે : પાકિસ્તાનથી પરત ફર્યાના એક દિવસ બાદ પરિવારના સભ્ય અને એરફોર્સના ટોપના અધિકારી મળ્યા : હેલ્થ ચેકઅપ બાદ ડીબ્રિફીંગ સેશન શરૂ થઈ જશે**

નવી દિલ્હી, તા.૨

પાકિસ્તાનના કબજામાંથી ૬૦ કલાક બાદ છુટીને આવેલા વિંગ કમાન્ડર અભિનંદન વર્થમાનના કુલીંગ ડાઉન પ્રોસેસના ભાગરૂપે શ્રેણીબદ્ધ મેડિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. મેડિકલ ટેસ્ટનો દોર આજે દિવસ દરમિયાન જારી રહ્યો હતો. શુક્રવારે મોડી રાત્રે અટારી-વાઘા સરહદ મારફતે વિંગ કમાન્ડર અભિનંદનને તમામ પ્રકારની કાયદાકીય પ્રક્રિયા પરિપૂર્ણ કરવામાં આવ્યા બાદ ભારતને સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમને દિલ્હીમાં લઈ જવામાં આવ્યા બાદ જુદા જુદા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. આજે સવારે અભિનંદન તેમના પરિવારના સભ્યોને મળ્યા હતા. સાથે સાથે ઈન્ડિયન એરફોર્સના કેટલાક ટોપ અધિકારીઓ સાથે પણ બેઠક કરી હતી. વર્થમાનને ગઈકાલે શુક્રવારે મોડી રાત્રે ૧૧.૪૫ વાગે રાષ્ટ્રીય પાટનગર દિલ્હી લાવવામાં આવ્યા હતા. તમામ ત્રણેય સેનાના કર્મચારીઓ માટે ખાસ પ્રકારના મેડિકલ ટેસ્ટ અને અન્ય પ્રક્રિયાઓના ભાગરૂપે અભિનંદનને એરફોર્સ સેન્ટ્રલ મેડિકલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા અભિનંદનને પકડી લેવામાં આવ્યો હતો. બુધવારના દિવસે પાકિસ્તાની સેનાના યુદ્ધ વિમાનો ભારતીય ક્ષેત્રમાં ઘુસી ગયા હતા. પાકિસ્તાની એરફોર્સના વિમાનો ભારતીય સેનાના સ્થળો ઉપર હુમલા કરવાના ઈરાદા સાથે ઘુસ્યા હતા. તેજ વેળા સાવધાન રહેલા મિગ-૨૧ના કમાન્ડર અભિનંદને મોરચો સંભાળ્યો હતો અને પાકિસ્તાની જેટનો પીછો કર્યો હતો. તે ગાળામાં આકાશમાં જ વિમાનો વચ્ચે જોરદાર સંઘર્ષની સ્થિતિ થઈ હતી. પાકિસ્તાની જેટ સાથે ડોગ ફાઈટ દરમિયાન વિંગ કમાન્ડરે પાકિસ્તાની એરફોર્સના એફ-૧૬ વિમાનને તોડી પાડવામાં સફળ રહ્યા હતા.

# સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન હોસ્પિટલમાં અભિનંદનની મુલાકાતે

**અભિનંદનની તબિયત અંગે માહિતી મેળવી : મેડિકલ ટેસ્ટમાં અભિનંદન ફિટ : આજે રજા મળી શકે**



નવી દિલ્હી, તા.૨

સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને પાકિસ્તાનની કસ્ટડીમાં ૬૦ કલાક ગાળ્યા બાદ પરત ફરેલા વિંગ કમાન્ડર અભિનંદન સાથે હોસ્પિટલમાં મુલાકાત કરી હતી. સંરક્ષણ મંત્રીએ આજે બપોરે દિલ્હી સ્થિત સેનાના રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલ પહોંચીને અભિનંદનની તબિયત અંગે માહિતી મેળવી હતી. પાકિસ્તાનની કસ્ટડીમાંથી શુક્રવારે મોડી રાત્રે પરત ફરેલા અભિનંદનના મેડિકલ ચેકઅપનો દોર ચાલી રહ્યો છે. મેડિકલ ચેકઅપમાં હજુ સુધી અભિનંદન સંપૂર્ણપણે ફિટ દેખાઈ રહ્યા છે. આવતીકાલે રવિવારે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે તેવી શક્યતા છે. નિર્મલા સીતારામને હોસ્પિટલમાં પહોંચીને તેમના સાહસની પ્રશંસા કરી હતી. ગઈકાલે પાકિસ્તાનની કસ્ટડીમાંથી છુટીને પરત ફર્યા બાદ સીતારામને ટ્વીટ કરીને કહ્યું હતું કે તેમના પર દેશને ગર્વ છે. સમગ્ર દેશના લોકો તેમના સાહસને સલામ કરે છે. વિકટ પરિસ્થિતિ હોવા છતાં જુસ્સો જાળવી રાખ્યો હતો. દેશના યુવાનો માટે અભિનંદન હવે પ્રેરણા સમાન બની ગયા છે.

# જમાતે ઈસ્લામી સામે કાર્યવાહી વધુ તીવ્ર : સેંકડો બેંક ખાતા સીલ

**જમાતની ૪૫૦૦ કરોડની સંપત્તિના મામલામાં ઉંડી તપાસ : ૩૫૦થી વધુ કટ્ટરપંથીઓની ધરપકડ કરાયા બાદથી વધુ અટકાયત : સંગઠન ખીણમાં ૪૦૦ સ્કુલ અને ૩૫૦ મસ્જિદો અને ૧૦૦૦ સેમિનાર ચલાવે છે**

શ્રીનગર,તા. ૨

ત્રાસવાદ સામે ભારતે બહુપાખિય જંગ આજે પણ યથાવત રીતે જારી રાખ્યો હતો. ત્રાસવાદની સામે માત્ર પાકિસ્તાનમાં ઘુસીને કાર્યવાહી કરી નથી બલ્કે દેશમાં પણ ત્રાસવાદને પ્રોત્સાહન આપી રહેલા સંગઠનો સામે કાર્યવાહી જારી રાખી છે. સંગઠનો પર સકંજો મજબુત કરી દીધો છે. જમ્મુ કાશ્મીરમાં કટ્ટરપંથી સંગઠન જમાત એ ઈસ્લામી સામે સરકારે મોટા પગલા લીધા છે. ગુરૂવારના દિવસે કાશ્મીર ખીણમાં આ સંગઠન પર પ્રતિબંધ મુક્યા બાદ વધુ કાર્યવાહી જારી છે.

આ સંગઠનની સામે શુક્રવાર બાદ આજે શનિવારના દિવસે પણ જોરદાર કાર્યવાહી જારી છે. તેમના તમામ મોટા નેતાઓને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા છે. તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. રિપોર્ટસમાં કહેવામાં આવ્યુ છે કે એકલા શ્રીનગરામં સંગઠનની સામે કાર્યવાહી કરવામાં આવી છે. જેના ભાગરૂપે ૭૦ બેંક ખાતાઓ સીલ કરી દેવામાં આવ્યા છે. શ્રીનગર બાદ કિસ્તવાડમાં પણ જમાતે ઈસ્લામીના મોટા લીડરોને પકડી પાડવામાં આવ્યા છે. દરોડા પાડીને ૫૨ કરોડ રૂપિયા સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. ગુરૂવારના દિવસે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા આદેશ જારી કરીને જમાતે ઈસ્લામી પર પાંચ વર્ષ માટે પ્રતિબંધ જારી કર્યો હતો. જમાતે એવી ગતિવિધીમાં સામેલ છે જે આંતરિક સુરક્ષા અને લોક વ્યવસ્થા માટે ખતરનાક છે. આવી સ્થિતીમાં કેન્દ્ર સરકાર આવા સંગઠન પર પ્રતિબંધ મુકી રહી છે. જમાતે ઈસ્લામીના ટોપ લીડરોને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા છે. અધિકારીઓએ કહ્યુ છે કે ૪૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ પર નજર રાખવામાં આવી રહી છે. શુક્રવારના દિવેસ ૩૫૦થી વધારે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. આજે વધુ કેટલાકની ધરપકડ કરવામાં આવી છે. સંગઠન ખીણમાં ૪૦૦ સ્કુલ, ૩૫૦ મસ્જિદો અને ૧૦૦૦ સેમિનરી ચલાવે છે.

# સમજોતા એક્સપ્રેસની સેવા પુનઃ શરૂ કરાઈ

**આજે નવી દિલ્હીથી ટ્રેન રવાના થશે**

નવીદિલ્હી, તા. ૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધો વણસી ગયા બાદ બંધ રાખવામાં આવેલી સમજોતા એક્સપ્રેસની સેવા હવે ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. સમજોતા એક્સપ્રેસ આવતીકાલ રવિવારના દિવસે નવી દિલ્હીથી પાકિસ્તાન જવા રવાના થશે. બંને દેશો આ સેવાને શરૂ કરવા સહમત થયા બાદ આ સેવા શરૂ કરવામાં આવી છે. પાકિસ્તાન દ્વારા વિંગ કમાન્ડર અભિનંદનને છોડી મુકવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ સેવા શરૂ કરવામાં આવી છે. અધિકારીએ કહ્યું છે કે ભારતમાંથી પ્રથમ ટ્રેન આવતીકાલે ત્રીજી માર્ચના દિવસે રવાના કરવામાં આવશે. પાકિસ્તાને ભારતીય હવાઈ દળ દ્વારા હવાઈ હુમલા કરવાં આવ્યા બાદ તેની સેવા બંધ કરી દીધી હતી. ભારતે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સમજોતા એક્સપ્રેસનના ઓપરેશનને બંધ કરવાની જાહેરાત કરી હતી. રેલવે બોર્ડે કહ્યું છે કે અટારી સ્પેશિયલ એક્સપ્રેસના તમામ ઓપરેશન શરૂ કરવામાં આવ્યા છે. એવું પણ જાણવા મળ્યું છે કે ઓપરેશન કારણોસર ટ્રેનને થોડાક સમય માટે બંધ રાખવામાં આવી હતી. સર્વિસ ફરી શરૂ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાનને પણ આ અંગે જાણ કરવામાં આવી ચુકી છે. આ ટ્રેન સેવા સિમલા સમજૂતિ હેઠળ ૨૨મી જુલાઈ ૧૯૭૬ના દિવસે શરૂ કરવાં આવી હતી. બંને દેશો વચ્ચે ૧૯૭૧ના યુદ્ધ બાદ આ ટ્રેન સેવા શરૂ થઈ હત. લાહોરથી આ ટ્રેન સોમવાર અને ગુરૂવારે તથા નવી દિલ્હીથી આ ટ્રેન દર બુધવારે અને રવિવારે ચાલે છે.

# મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલના નિવૃત થતા ત્રણ શિક્ષકો સહિત ચાર કર્મચારીઓનો વિદાય સન્માન સમારોહ યોજાયો

અરવલ્લી જિલ્લાની મોખરાની શિક્ષણ સંસ્થા મોડાસાની શ્રી કે.એન. શાહ હાઈસ્કૂલના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના બે સુપરવીઝરો, એક શાળાના વહીવટી કર્મચારી ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ સહિત વય મર્યાદાને કારણે દીર્ઘકાલીન સેવાઓ બાદ નિવૃત્ત થતા ચાર કર્મચારીઓને વિદાય સન્માન સમારોહ સંસ્થાના ઉત્સાહી પ્રમુખ બીપીનભાઈ શાહના પ્રમુખપદે યોજાયો હતો.

નિવૃત થતા આ ચાર કર્મચારીઓમાં માધ્યમિક વિભાગના સુપરવાઈઝર કે.આર. ખાંટ, ઉ.મા. વિભાગના સુપરવાઈઝર જી.બી. પટેલ, વહીવટી વિભાગમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ જયંતિભાઈ કે. પટેલ (ટીટોઈવાળા) અને માધ્યમિક વિભાગના શિક્ષિકા દક્ષાબેન એસ. શાહનો સમાવેશ થાય છે. મોડાસા કેળવણી મંડળ અને કે.એન. શાહ હાઈસ્કૂલના સ્ટાફ પરિવાર આયોજિત આ તમામ કર્મચારીઓના વિદાય સન્માન સમારોહમાં પ્રમુખ બીપીનભાઈ શાહ, અતિથિવિશેષ જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, વહીવટી કર્મચારી મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત શાળાના આચાર્ય મનીષભાઈ જોશી અને સ્ટાફ પરિવારે તમામ નિવૃત્ત થતા આ કર્મચારીઓની દીર્ઘકાલીન સેવાઓને બિરદાવી હતી.



# મોડાસા સરસ્વતી વિદ્યાલય ખાતે પંચામૃત કાર્યક્રમમાં દેશ ભક્તિની કૃતિઓએ લોકોના દિલ જીત્યા

મોડાસા સરસ્વતી વિદ્યાલય ખાતે ગુરુવારના દિવસે શાળાના પંચામૃત કાર્યક્રમમાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને વાર્ષિક ઉત્સવ યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ જમ્મુ કાશ્મીરના પુલવામાં થયેલા આંતકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. કાર્યક્રમના મંચ પર શાળાના વિદ્યાર્થીઓએ દર્શાવેલી તમામ કૃતિઓ દેશના જવાનોને અર્પણ કરી હતી. હાલ ચાલતા ભારત પાકિસ્તાન વચ્ચેની તણાવભરી સ્થિતીમાં દેશના વીર જવાનોનો જોમ અને જુસ્સો વધારવાનો પ્રયાસ કર્યો હતો. કાર્યક્રમમાં મોડાસા નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટીઓ અને શિક્ષક પરિવારે ઉપસ્થિત આગેવાનોનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજના રણછોડપુરા ગામે પ્રાથમિક તાલુકા શિક્ષણાઅધિકારીએ મુલાકાત લીધી

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ખાતે છઠ્ઠા દિવસે પણ વિદ્યાર્થી વિહોણી રહી તો તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી ટી.કે. વાધેલાએ શાળાની મુલાકાત બાદ વાલીઓ ગ્રામજનોનો સંપર્ક પણ કર્યો પણ ગ્રામજનોની જીદ આ બહેનની બદલી કરો.

પ્રાંતિજના રણછોડપુરા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં છેલ્લા છ દિવસથી શાળામાં વાલીઓ દ્વારા નબળા શિક્ષણને લઈને તથા શાળાની શિક્ષિકાબેન સંગીતાબેન પટેલની બદલીની માંગ સાથે શાળાને તાળાબંધી બાદ શાળાના તાળા તો ખોલ્યા પણ આજે શાળાના તાળા ખુલ્યાને છ દિવસ વિત્યા છતા વાલીઓ અને ગ્રામજનો પોતાના બાળકોને શાળામાં મોકલતા નથી જેને લઈને હાલ તો રણછોડપુરા પ્રાથમિક શાળા બાળકો વિહોણી બની છે. ગ્રામજનોએ જિલ્લા શિક્ષણાઅધિકારી, ગાંધીનગર નિયામકમાં શિક્ષિકાની બદલીને લઈને રજુઆતો બાદ પણ છઠ્ઠા દિવસે પણ કોઈ હલ આવ્યો નથી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાધેલા દ્વારા આજે શાળાની મુલાકાત લીધી હતી. ગ્રામજનો તથા વાલીઓનો સંપર્ક પણ કર્યો હતો અને તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ ગ્રામજનો તસનામસ ના થયા અને બસ એકજ મંત્ર બહેનની બદલી માંગ સાથે એક સૂરમાં ગ્રામજનો વાલીઓ સાથે જોવા મલ્યા હતા.બીજીબાજુ રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકા સંગીતાબહેન પટેલે તાલુકા શિક્ષણઅધિકારી ટી.કે. વાધેલાને લેખિતમાં અન્ય સ્થળે બદલી કરવા માટે આજરોજ અરજી કરવામાં પણ આવી છે ત્યારે હવે જોવું એ રહ્યું કે શિક્ષણ વિભાગ દ્વારા આવનાર દિવસોમાં શું એક્શન કે પગલાં લેશે એ તો આવનાર દિવસમાં જ ખબર પડશે.

**તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી ટી.કે. વાધેલાનો રૂબરૂમાં સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું કે આજે મે રણછોડપુરા ગામે આવેલ રણછોડપુરા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી અને શાળામાં બાળકોની હાજરી ન હતી જેથી વાલીઓ અને ગ્રામજનોનો સંપર્ક કર્યો હતો. વાલીઓ અને ગ્રામજનો બદલીની માંગ સિવાય કોઇ પણ પ્રકારની વાત સાંભરવા તૈયાર ન હતા અને તેવો માત્ર બદલી સિવાય કોઇ પણ પ્રકારની સમજાવટ માટે પણ તૈયાર થયા નથી. આ રોજ રણછોડપુરા ગામના શિક્ષિકા સંગીતાબેન દ્વારા પણ મને લેખિતમાં અરજી આપવામાં આવી છે કે મને અહીં આજુબાજુમાં અન્ય શાળામાં બદલી કરવા તેવોએ પણ હાલની પરિસ્થિતિને લઈને લેખિતમાં માગ કરી છે. આ સમગ્ર પરિસ્થિતિથી હું અમારા ઉપલી અધિકારીને આજે જ જાણ કરીશ અને તેવોની સુચના મુજબ અમે આગળની કાર્યવાહી હાથ ધરીશું.**





# ઉબસલ (પાદરા) શક્તિ કેન્દ્રના બુથ નંબર-૧માં કમલદીપ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઉબસલ (પાદરા) શક્તિ કેન્દ્રના બુથ નંબર.૧ માં કમલદીપ કાર્યક્રમ યોજાયો હતો.પ્રદેશ ભાજપ મંત્રી,અરવલ્લી જીલ્લા પ્રભારી હર્ષદગીરી ગૌસ્વામી,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ, નીલાબેન મડીયા,ભિલોડા તાલુકા ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ રાઠોડ, રાજકીય, સામાજીક આગેવાન હસમુખભાઈ મડીયા, હોદેદારો, કાર્યકરો, રાજકીય, સામાજીક આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લાના ૧૦૫૮ બુથ ઉપર એક જ સમયે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના ૯૦ હજાર લાભાર્થીઓ, કાર્યકર્તાઓના ઘરે કમલદિપ પ્રગટાવાયા હતા. ભારત દેશમાં એક જ સમયે દરેક બુથમાં કમલ જ્યોતિ કાર્યક્રમનું આયોજન ઠેર-ઠેર યોજાયું હતું. અરવલ્લી જીલ્લાના ભિલોડા, મોડાસા, બાયડ, ધનસુરા, મેઘરજ, માલપુર તાલુકામાં લાભાર્થી કાર્યકર્તાઓના ઘરે કમલદિપ પ્રગટાવાયા હતા.